# ૪ આપણી  તો બચાવો, મારા  ને પણ

S2J7S7

## ચાલો, ગાઈએ ગીતડું :

ઓ જાડાપાડા હાથીડા! તું વાદળ છે કે ઝાડ છે?
ના રે ના! મને લાગે છે તું હાલતોચાલતો પહાડ છે!
તારા મોટા દાંત છે કે ધોળા મોટા ખીલા?
દરજી પાસે કપડાં તારાં સિવડાવીશ હું ઢીલાં!
તારી પૂંછે લટકી રહેતા નાનામોટા વાંદર
કોની ચુગલી તારે કાને કરવા આવે મચ્છર?
તું છે આખેઆખો જાણે ડુંગર પરનો કિલ્લો,
તારી પીઠે બેસું તો દેખાતો આખો જિલ્લો.
તારી બાજુમાં ચાલું તો તું મારો બોડીગાર્ડ છે!
હા રે હા! મને લાગે છે તું હાલતોચાલતો પહાડ છે!

## હાથીનું કાર્ટૂન ચિત્ર દોરી રંગ પૂરો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વાર્તા સાંભળો અને વાંચો.

## લાડુની જાત્રાનું છેલ્લું સ્ટેશન

અમારા ગામમાં એક ભોપુદાદા હતા.

એ ગોકુળમથુરાની જાત્રા કરી આવ્યા.

જાત્રાની ખુશાલીમાં ભોપુદાદાનાં વહુએ લાડવા કર્યાં.

ખાસ્સી કથરોટ ભરાઈ.



બધાં કહે, ‘‘વાહ, ભોપુદાદા, વાહ! તમે ખરી જાત્રા કરી આવ્યા!’’


કથરોટમાં પડેલા લાડવાઓએ આ સાંભળ્યું.

એક લાડવો કહે, ‘‘હુંયે જાત્રા કરવા જાઉં અને ‘વાહવાહ’ લઉં!’’

ચોકમાં લાલિયા કૂતરાની ચોકી હતી. એણે લાડવાને પકડ્યો, ‘‘એ...ઈ, ક્યાં જાય છે?’’

લાડુએ કહ્યું, ‘‘જાઉં છું જાત્રા કરવા!’’

ઘીમાં રસબસ લાડુને જોઈ લાલિયાની જીભ લબલબ થતી હતી. તેણે કહ્યું, ‘‘તને જોઈને મને ભૂખ લાગી છે, હું તને ખાઉં!’’



આ સાંભળીને લાડુનો મિજાજ ગયો. તેણે કહ્યું, ‘‘જાણે છે હું કોણ છું તે? હું લાડુ છું.

મારું નામ લાડુ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

લાડુ હસતો હસતો આગળ ચાલ્યો. આગળ આવ્યું વન.

વનમાં એક વાઘ રહેતો હતો.

લાડુને જોઈને એનીયે જીભ લબકી. એણે કહ્યું, "એ...ઈ, ક્યાં જાય છે?"

લાડુએ કહ્યું, "ક્યાં તે જાત્રા કરવા!"

વાઘે કહ્યું, "રાજા પાસેથી તેં જાત્રાનો પરવાનો લીધો છે?"

લાડુએ કહ્યું, "રાજા વળી કોણ?"

વાઘે કહ્યું, "કોણ તે હું! હું આ વનનો રાજા છું. હું પરવાના વગર કોઈને જાત્રાએ જવા દેતો નથી!"

લાડુએ કહ્યું, "પરવાનો એટલે?"

વાઘે કહ્યું, "પરવાનો એટલે હું તને ખાઉં તે!"

આ સાંભળી લાડુનો મિજાજ ગયો. તેણે કહ્યું, "જાણે છે હું કોણ છું તે?

મારું નામ લાડુ

તારા મોં પર ઝાડુ!"



લાડુ હસતો હસતો આગળ ચાલ્યો.

વન પૂરું થયું. હવે બીજા ગામની સીમ આવી. સીમમાં નદી વહેતી હતી.

નદી પર સુંદર ઘાટ બાંધેલો હતો.

ઘાટ પર મોટુજી નાહી-ધોઈને ઉઘાડા શરીરે પૂજા કરવા બેઠો હતો.

ઘીમાં રસબસ લાડુને જોઈ એ ખુશ થઈ ગયો. એણે કહ્યું, "પધારો, લાડુ મહારાજ, પધારો! આ આસન પર બિરાજો!"

મોટુજીએ પોતાને બહુ માનથી બોલાવ્યો અને બિરાજવાનું કહ્યું તેથી લાડુને ખૂબ આનંદ થયો. તેને થયું કે માણસ કદરદાન છે.

લાડુ મોટુજીની સામે આવીને રુઆબથી બેઠો.

મોટુજીએ કહ્યું, "લાડુ મહારાજ, આપ ક્યાં પધારો છો?"

લાડુએ કહ્યું, "જાત્રાએ જાઉં છું."

મોટુજીએ કહ્યું, "વાહ, ખૂબ સરસ! આપના જેવા જાત્રાળુનાં દર્શનથી મને ખૂબ આનંદ થાય છે!"

લાડુએ કહ્યું, "મને પણ આપનાં દર્શનથી આનંદ થાય છે!"

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

મોટુજીએ હસીને કહ્યું, ‘‘એ તિજોરી છે.’’

લાડુની નવાઈ વધી. તેણે કહ્યું, ‘‘તિજોરી છે? શું રાખો છો એ તિજોરીમાં?’’

મોટુજીએ કહ્યું, ‘‘ઘી, ગોળ, મિષ્ઠાન એવું બધું!’’

લાડુએ કહ્યું, ‘‘ત્યારે તો એ જોવા જેવી હશે!’’

મોટુજીએ કહ્યું, ‘‘જોવા જેવી જ છે તો!’’


થોડીવાર રહી લાડુએ કહ્યું, ‘‘મહારાજ, એ તિજોરીનું બારણું કેમ દેખાતું નથી? બારણું નથી કે શું?’’

મોટુજીએ કહ્યું, ‘‘બારણું છે, પણ જેની તેની આગળ હું એ ખોલતો નથી. કોઈ લાયક મળે તો તેની આગળ આખી તિજોરી ખુલ્લી મૂકી દઉં છું.’’

આ સાંભળી લાડુનું મોં પડી ગયું. તેણે બીતાં બીતાં કહ્યું, ‘‘તો શું હું લાયક નથી?’’

મોટુજીએ કહ્યું, ‘‘અરર! એ શું બોલ્યા? તમે લાયક નથી એવું કહેનારની હું જીભ કાપી નાખું! મારી તિજોરી માટે તમારાથી વધારે લાયક બીજું છે કોણ? હમણાં અહીંથી એક ખાખરો ગયો, બે રોટલા ગયા, ચાર ભાખરી ગઈ, ચૌદ પૂરીઓ ગઈ, પણ મેં કોઈનીયે સામે જોયું નહિ. છે! ચાલો આવી જાઓ મારા હાથ પર! હું તમને મારા જ હાથે, માનભેર મારી તિજોરીનાં બારણાં સુધી લઈ જઈશ! તમને જોતાં જ બારણું ઊઘડી જશે!’’

લાડુ ખુશ થઈ કૂદીને મોટુજીના હાથમાં જઈ બેઠો.



મોટુજીએ હાથ ઊંચો કર્યો ને ગુફા જેવું પોતાનું મોં ઉઘાડ્યું.

એ જ તિજોરીનું બારણું!

લાડુ હરખાતો હરખાતો કૂદીને મોટુજીના મોંમાં એની જીભ પર જઈને બેઠો અને બેઠો એવો જ લીસા લપસણિયા પરથી સરકે એમ સરકીને સડસડાટ મોટુજીના પેટમાં ઊતરી પડ્યો!

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **વાતચીત.**
  - તમને વાર્તામાં સૌથી વધુ મજા ક્યારે આવી?
  - લાડુએ શું કર્યું જે તમને જરા પણ ન ગમ્યું?
  - લાડુએ શું કર્યું જે તમને બહુ ગમ્યું?
  - તમે લાડુ હોત તો જાત્રામાં શું કર્યું હોત?
  - તમે લાડુ હોત તો મોટુજી સાથે શી વાત કરી હોત?
  - તમે કઈ કઈ જગ્યાએ જાવ તો જાત્રા કરી કહેવાય?
  - તમે ઘરથી બહાર નીકળો ત્યારે તમારે કોઈને કહીને જવું પડે છે? કોને?
  - વાર્તામાં તમને ગમી ગયેલા નવા શબ્દોની નીચે લીટી દોરો.
  - તમને શું બહુ ભાવે? પ્રવાસમાં જાવ તો ખાવાની કઈ કઈ ચીજ વારંવાર ખરીદો?
  - હજુ રસ્તામાં મગર, અજગર કે ભીમમાંથી કોઈ મળ્યું હોત તો લાડુએ શી શી વાત કરી હોત?

**એક મિનિટ માટે વૃક્ષાસન કરો. તે પછી એક શબ્દમાં જવાબ લખો.**

૧. ભોપુદાદા ક્યાં જાત્રા કરી આવ્યા હતા? ____________________

૨. ખુશાલીમાં ભોપુદાદાનાં વહુએ શું બનાવ્યું? ____________________

૩. ભોપુદાદાને જોઈને કોણ યાત્રાએ જવા તૈયાર થયું? ____________________

૪. યાત્રામાં લાડવાને સૌથી પહેલાં કોણ મળ્યું? ____________________

૫. સીમ પૂરી થતાં શું શરૂ થયું? ____________________

૬. કોણે કહ્યું કે હું વનનો રાજા છું? ____________________

૭. ઘાટ ઉપર કોણ પૂજા કરવા બેઠું હતું? ____________________

૮. મોટુજીએ કહેલી એ તિજોરી ખરેખર શું હતું? ____________________

૯. મોટુજીનું મોં શાના જેવું હતું? ____________________

૧૦. મોટુજીએ શું બોલતાં બોલતાં ફાંદ પર હાથ ફેરવ્યો? ____________________

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## વાર્તામાં આવું થાય છે? હા/ના

૧. મહારાજ પાસે કોઠી જેવડી લોખંડની તિજોરી હતી. ________

૨. લાલિયો લાડુ ખાઈ ધૂળભેગો થઈ ગયો. ________

૩. મોટુજીએ હરખાતાં હરખાતાં લાડુને જીભ પર મૂક્યો. ________

૪. મોં એટલે પેટમાં જવાનું બારણું. ________

૫. લાડુએ પેટમાં જઈ 'હોઈયાં... હોઈયાં' કર્યું. ________

૬. લાડુ પેટમાં જવા ઉતાવળિયો થયો હતો. ________

- **તો... આવી ગયો છે જાડોપાડો હાથીડો છે! ચાલો!, ગાઈએ ગીતડું.**

## જવાબ લખો.

૧. ભોપુદાદાનાં વહુએ લાડવા કેમ બનાવ્યા?

૨. લાડવાએ જાત્રાએ જવાનું શા માટે વિચાર્યું?

૩. લાલિયાની જીભ શા માટે લબલબ થતી હતી?

૪. લાડુને મોટુજી કેમ કદરદાન લાગ્યા?

૫. લાડુ મોટુજીની ફાંદને શા માટે જોતો રહ્યો?

૬. લાડુની જાત્રા ક્યારે પૂરી થઈ ગઈ?

## તમે લાડુ હો તો આ વાક્ય વાંચીને તમને શું થાય? લખો.

('હોય નહિ!,' 'બાપ રે...!', 'વાહ ભૈ વાહ!', 'અરરર!', 'હટ રે!')

૧. ભોપુદાદાનાં વહુએ લાડવા કર્યા. વાહ ભૈ વાહ...!

૨. વાઘની જીભ લબકી. ________

૩. લાતથી વાઘનું મોં ફરી ગયું. ________

૪. તમે લાયક નથી એવું કહેનારની હું જીભ કાપી નાખું! ________

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⬡ આપેલા પ્રશ્નો પરથી વાર્તામાં આવેલા શબ્દ ઓળખી કાઢો.

૧. તેના પહેલા અને ત્રીજા અક્ષરથી બને છે 'ખારો'
તેના બીજા અને ત્રીજા અક્ષરથી બને છે 'ખરો'
તે ત્રણ અક્ષરનો શબ્દ કયો છે?

| | | |
|---|---|---|
| ખા | ખ | રો |

૨. તેનો પહેલો અને છેલ્લો અક્ષર મળે તો બને છે 'કટ'
તેનો ત્રીજો અને પહેલો અક્ષર મળે તો બને છે 'રોક'
તેનો બીજો અક્ષર એ 'થડ'નો એક અક્ષર છે.
તે ચાર અક્ષરનો શબ્દ કયો છે?

| | | | |
|---|---|---|---|
| | | | |

૩. તેનો પહેલો અને છેલ્લો અક્ષર મળે તો બને છે 'પનો'
તેનો ત્રીજો અને બીજો અક્ષર મળે તો બને છે 'વાર'
તે ચાર અક્ષરનો શબ્દ કયો છે?

| | | | |
|---|---|---|---|
| | | | |

૪. તેના બીજા અને ત્રીજા અક્ષરથી બને છે 'દર'
તેના ચોથા અને પાંચમા અક્ષરથી બને છે 'દાન'
તેના પહેલા અને બીજા અક્ષરથી બને છે 'કદ'
તે પાંચ અક્ષરનો શબ્દ કયો છે?

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |

૫. તેના પહેલા બે અક્ષર છે 'ધૂળ'
તેનો ચોથો અને બીજો અક્ષર મળે તો બને છે 'ગોળ'
તેના ત્રીજા અને બીજા અક્ષરથી બને છે 'ભેળ'
તે ચાર અક્ષરનો શબ્દ કયો છે?

| | | | |
|---|---|---|---|
| | | | |

● **ચાલો, ગાઈએ ગીતડું : ઓ જાડાપાડા હાથીડા!**

## ⬡ ફકરો વાંચી નીચેના પ્રશ્નોના જવાબ આપો.

અમારા ગામમાં એક દાદા રહે. તેમનું નામ ભોપુદાદા. તેઓ ગોકુળમથુરાની જાત્રા કરી આવ્યા. તેમને તેમનાં વહુ કહે, ''તમારી જાત્રાની ખુશાલીમાં લાડુ બનાવું.'' તેણે ખાસ્સી કથરોટ ભરી લાડુ બનાવ્યા. બધાં કહે, ''વાહ!, ભોપુદાદા, તમે ખરી જાત્રા કરી આવ્યા!''

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**ફકરો-૧ મોટેથી વાંચી ફકરા-૨માં જ્યાં વિકલ્પો આપ્યા છે, તેમાંથી નકામા વિકલ્પો છેકો.**

### ફકરો-૧

એક નાની છોકરી. છોકરીનું નામ ગુલાબ. ગુલાબ છઠ્ઠા ધોરણમાં ભણે. ગુલાબને ભણવું બહુ ગમે. ગામને છેડે ગુલાબનું ઘર. ગુલાબનાં મમ્મી-પપ્પા ખેતી કરે. ગુલાબનાં ખેતરની પાસે કુસુમનો પરિવાર રહે. ગુલાબે કુસુમ સાથે દોસ્તી બાંધી. ગુલાબ અને કુસુમ બંને સાથે નિશાળે જાય.

### ફકરો-૨

એક નાની છોકરી. એનું/એનાં/એની નામ ગુલાબ. તેઓ/એ/એણે છઠ્ઠા ધોરણમાં ભણે. એનું/એણે/એને ભણવું બહુ ગમે. ગામને છેડે એની/એનાં/એનું ઘર. એનો/એનાં/એમને મમ્મી-પપ્પા ખેતી કરે. એનાં/એને/એમનું ખેતરની પાસે કુસુમનો પરિવાર રહે. એનું/અમે/એણે તેને/તેનો/તેની સાથે દોસ્તી બાંધી. તેઓ/અમે/એમની બંને સાથે નિશાળે જાય.

**પોતાના માથા પર ત્રણ તાળી ત્રણવાર પાડો. પછી યાદીમાંથી શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો. (આ, તે, તેણે, તેનું, તેને, મારું, તમારું, તમારી, તમે, તેનો)**

ગુલાબની એક બહેનપણી. ________ નામ કુસુમ. ________ બકરી બહુ ગમે. ________ રોજ બકરીનાં બચ્ચાં સાથે રમે. ________ બચ્ચાનું નામ પાડ્યું : લલ્લુ. એકવાર લલ્લુ ખોવાયું. કુસુમ ________ શોધતી શોધતી ભોપુદાદાના ઘરે પહોંચી.

કુસુમ : ________ મારું લલ્લુ જોયું?

ભોપુદાદા : લલ્લુ? ________ વળી કોણ?

કુસુમ : ________ તો ________ બકરીનું બચ્ચું. ________ જોયું?

ભોપુદાદા : ________ રંગ કેવો છે?

કુસુમ : સફેદ ________ ધોતી જેવો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

⬡ સાંભળો અને ગાઓ.

## સમર્થ બનો, Save કરો

પર્યાવરણનો પાઠ હતો ને હતી પાંચમી કક્ષા
શિક્ષક પૂછે વર્ગને, ''કહો શાની કરશો રક્ષા?''
પહેલી બેંચનો એક વિદ્યાર્થી, નામ છે એનું સમર્થ
ઊંચી કરીને આંગળી, એ બોલ્યો, "Save earth!"
''સરસ'' કહીને શિક્ષક બોલ્યા, હજુ ઘણા છે ઉત્તર
વિચાર કરીને જલધિ બોલી, "We should save water!"
ઊભો થઈ ગ્યો બીજો બાળક, અટક હતી જેની દરજી
ધીમે રહીને એ બોલ્યો, બહુ જરૂરી "Save energy!"
છેલ્લી બેંચ ઉપર બેઠી'તી, બોલી પટેલ પ્રીતિ
મારા મતથી સૌથી જરૂરી "Save electricity!"
એક છોકરો ગોળમટોળ, નામ હતું એનું અણમોલ
સહેજ વિચારી એ બોલ્યો, દોસ્તો! "Save petrol!"
સની સુરતીનો વારો આવ્યો, એનું મન કરતું'તું ભ્રમણ
એને લાગ્યું, ''હવે બચ્યું શું?'' એ બોલ્યો ''સેવ-ખમણ''
મનુ મરાઠી ''સેવ-ઉસળ'' કહી કરવા લાગ્યો દાંતિયાં!
ભગુ ભાવનગરી ચૂકે કેમ? એ બોલ્યો, ''સેવ-ગાંઠિયા''
હક્કાબક્કા થઈ ગ્યા શિક્ષક, જવાબ સાંભળી અજોડ!
ઉપર જોઈ વીનવે એ તો, "Save me, save me, O God!"

- રઈશ મનીઆર



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **વાતચીત :**
  - તમને કેટલામી લાઈન કે બેંચ પર બેસવું ગમે?
  - તમને બેઠાં બેઠાં જવાબ આપવો ગમે કે ઊભા થઈને? અદબ વાળીને કે છૂટા હાથે?
  - શિક્ષકે પૂછેલા પ્રશ્નના તમે વિચારેલા બધા જવાબ અપાઈ ગયેલા હોય ને તમારો વારો આવે તો તમે શું કરો?
  - વર્ગમાં તમારું ધ્યાન નથી, શિક્ષક તે વખતે તમને જવાબ આપવા કહે ત્યારે તમને શું થાય?
  - કોઈ તમને સવાલ પૂછતું નથી પણ તમારે જવાબ આપવો જ છે તો શું કરશો?
  - તમારે આચાર્યને સવાલ પૂછવો હોય તો કયો સવાલ પૂછો?
  - તમારે "Save me O God." એવું ક્યારેય કહેવું પડ્યું છે? ક્યારે?
  - તમે કંઈ પૂછો ને કોઈ ઊંધા-ચત્તા જવાબ આપે તો તમને મનમાં શું થાય?
  - તમારા દોસ્તોને એક એવો સવાલ પૂછો કે તે સવાલ સાંભળી સૌ હસી પડે.
  - તમારા દોસ્તે પૂછેલા સવાલનો એવો જવાબ આપો કે સૌ હસી પડે.
  - તમે શિક્ષકને પ્રશ્નો પૂછો. શિક્ષક તમને હસવું આવે તેવા જવાબ આપશે.

**સાંભળવામાં સરખા લાગતા શબ્દો કવિતામાંથી શોધીને લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **કક્ષા** | - | **રક્ષા** | | | |
| દાંતિયા | - | ____ | ____ | - | અજોડ |
| ગોળમટોળ | - | ____ | ____ | - | energy |
| ભ્રમણ | - | ____ | ____ | - | water |

**ડિક્શનરી કે ઈન્ટરનેટનો ઉપયોગ કરી નીચેના શબ્દો માટે જેટલા મળે એટલા ગુજરાતી શબ્દો શોધીને લખો. તેમાંથી કોઈ પણ એક ગુજરાતી શબ્દ વાપરીને વાક્ય બનાવો.**

૧. We - ____________________

વાક્ય -

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૪. Water - ____________________

વાક્ય -

૫. Energy - ____________________

વાક્ય -

૬. Electricity - ____________________

વાક્ય -

૭. God - ____________________

વાક્ય -

**ઘણા વિદ્યાર્થીઓ 'Save' બોલ્યા, જ્યારે સની સુરતી અને મનુ મરાઠી 'સેવ' બોલ્યા. બંને બોલવા સાંભળવામાં સરખા, પણ તેના અર્થ જુદા! આવા બીજા શબ્દો અને તેના અર્થ શોધો.**

- **Save** - **બચાવવું** **સેવ - ચણા કે ઘઉંના લોટની પાતળી સળી જેવી તળેલી વાનગી**
- **One** - **વન** -
- **Sir** - **સર** -
- **Mug** - મગ -
- **Jug** - જગ -
- **Earth** - અર્થ -
- **Gum** - ગમ -
- **Mole** - મોલ -

**શાળા અમારી - નિયમો અમારા.**

તમારી શાળામાં તમને ન ગમતા નિયમો કયા છે? તેમાં તમે બદલાવ ઇચ્છો છો? કોઈ પણ ત્રણ નિયમ વિશે લખો.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૩. ન ગમતો નિયમ : ______

નવો નિયમ : ______

- **ચાલો, ગાઈએ ગીતડું : ઓ જાડાપાડા હાથીડા!**

**વાંચો : હલવાના ભાગ.**

રમેશભાઈએ તેમનાં બાળકો અમુ અને અનુ માટે હલવાનો એક ટુકડો ખરીદ્યો. તેમણે તે બંને માટે તેને બે સરખા ભાગમાં વહેંચ્યો.
"આ ટુકડો ખૂબ જ મોટો છે. અમે તેને ખાઈ શકીશું નહીં" તેઓએ કહ્યું.
તેથી તેમણે આ ટુકડાઓને ફરીથી બે સરખા ભાગમાં વહેંચ્યા.

- **વિચારીને લખો.**

૧. તેમણે એટલે ______ ૩. તેને એટલે ______

૨. બંને એટલે ______ ૪. તેઓ એટલે ______

**ગોટાળો ટાળો. ગોલુને ગુજરાતી લખતાં બરાબર આવડતું નથી. તેણે લખેલાં વાક્યો પહેલાં મોટેથી વાંચો અને ત્યારબાદ સુધારીને લખો.**

૧. તારી બા જુમાંચા લુંતો તુંમા રોબો ડીગા ડેલાગે.
૨. ચો કમાંલા લિયાકૂ તરા નીચો કીહ તી.
૩. લા ડુન વાઈ પા મીજો ઈર હ્યોહ તો.
૪. એતિ જોરીનું બાર ણુંકે મદે ખા તુંનથી?
૫. પ ર્યાવ રણ નોપા ઠહ તોનેહ તીપાં ચમીક ક્ષા.

- **સુધારેલું લખાણ :**

૧. ______

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## પ્રશ્નચિઠ્ઠી.

ઘર હો કે સ્કૂલ, બધે તમને જ પ્રશ્નો પુછાય છે. તમારે પ્રશ્ન પૂછવા છે? તો પૂછોને.

વહાલા પપ્પા,
~~તમને કોની કોની બીક લાગે?~~

પ્રિય દોસ્ત,

ઓ સૂરજદાદા,

વહાલા ટીચર/સર,

અરે! ઓ ચૉકલેટ,

વહાલા ઝાડ,

હવે, મારે ________ ને પ્રશ્ન પૂછવા છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મોટેથી વાંચો, અભિનય કરો.

### રાજેશના છબરડા

હેમંતભાઈનો પુત્ર રાજેશ નવું નવું ગુજરાતી બોલતાં શીખ્યો.

એ તો ‘હું આવ્યો’ ને બદલે ‘રાજેશ આવ્યો’ બોલે. ‘મને ભૂખ લાગી’ને બદલે ‘રાજેશને ભૂખ લાગી’ એમ બોલે!

હેમંતભાઈએ એને બરાબર બોલતાં શીખવાડ્યું. રાજેશ બોલ્યો, “રાજેશને સમજ પડી ગઈ!”

ડેડીએ માથું કૂટ્યું!

મોડેમોડે રાજેશ બોલ્યો, “મને સમજ પડી ગઈ! તમારો આભાર!”

હવે રાજેશ બહુ ઝડપથી ગુજરાતી બોલવાનું શીખી રહ્યો હતો. બહાર જે જોઈને આવે તે ઘરમાં આ રીતે કહેતો :

એકવાર કહે, “તેણે તેને તે કર્યું!”

મમ્મી કહે, “શું?”

રાજેશ બોલ્યો, “મુન્નીએ મુન્નાને ચૂંટી ખણી.”

એકવાર રાજેશ પડોશમાં જાનકી સાથે

રાજેશે આ વાત સાંભળી. ઘરે જઈ તેણે હેમંતભાઈને કહ્યું, “એક પેલી વાત કહું?”

“પેલી એટલે?”

“જયંતભાઈની.”

“કહે!”

“હું પેલે ત્યાં ગયો હતો ને...”

“ક્યાં?”

“જાનકી જોડે રમવા.”

હેમંતભાઈ ઉતાવળમાં હતા. તે કહે, “જે કહેવું હોય તે આખી વાત જલદી કહી દે!”


રાજેશ તો ઝડપથી બોલી ગયો! એણે કહ્યું, “પેલે ત્યાં પેલા અંકલે પેલી આંટીને કહ્યું કે આપણી પેલીને પેલામાંથી પેલું જવાનું છે, પેલા ભરી દીધા છે. પેલામાં પેલું આપવાનું ભૂલાય નહીં. બધા પેલીમાં બેસી, પેલે ત્યાં જશે.”

પછી કહે, “ડેડી, તમને પેલી પડી?”

“શું પેલી પડી?” હેમંતભાઈ અકળાઈને

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## શબ્દપોટલીમાં શબ્દ ભરો.




## લગભગ સરખા :

**કથરોટ**-મોટો થાળ; **કદરદાન**-કદર કરી જાણે તેવું; **કોઠી**-મોટું પીપ; **ઘાટ**-નદીનો ઓવારો; **ચુગલી**-પીઠ પાછળ કરેલી નિંદા; **ચોક**-ખુલ્લી જગ્યા; **ચોકી**-રખેવાળને બેસવાનું સ્થાન; **છબરડા**-ગોટાળા; **જાત્રાળુ**-જાત્રા કરવા જનાર; **તિજોરી**-લોખંડનો કબાટ; **ધૂળભેગા થવું**-જમીન પર પડી જવું; **પરવાનો**-છૂટ, પરમિટ; **ફાંદ**-ખૂબ મોટું પેટ; **મિજાજ જવો**-ગુસ્સો આવવો; **મિષ્ટાન્ન**-મીઠાઈ; **લાફો**-તમાચો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in